Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૩૬ મું | અંક ૧૧ મો
સં. ૨૦૫૩ | સન ૧૯૯૭
શ્રાવણ | ઑગસ્ટ

# પથિક

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

તંત્રી-મંડળ : ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ડૉ. ભારતીબહેન કી. શેલત

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ (સંપાદક)

## આગામી દીપોત્સવાંક

ઑકટોબર-નવેમ્બરનો જોડિયો અંક દીપોત્સવાંક તરીકે તા. ૧૫ મી ઑકટોબરે ટપાલ કરવામાં આવશે.

આ વખતે આ ખાસ અંક કચ્છમાં જાણવામાં આવેલાં પ્રાગૈતિહાસિક સ્થાનો, મુખ્યત્વે ધોળાવીરા વિશેના લેખો ઉપરાંત અન્ય એવાં સ્થળો વિશેના લેખો જ માત્ર છાપવામાં આવશે.

તેથી લેખકોને વિનંતિ કે વાર્તા-સંસ્કૃતિ-સભ્યતા તેમ ઇતિહાસપુરાતત્ત્વને લગતા કચ્છ સિવાયના લેખો મોકલવા તકલીફ ન લે.

—સંપાદક

## ફરી ફરી વિનંતિ

જૂના તેમ નવા બધા જ ગ્રાહકોને યાદ આપિયે છિયે કે જૂન અને જુલાઈના અંકોના મુખપૃષ્ઠ ઉપર જણાવ્યા પ્રમાણે 'પથિક'નું લવાજમ જુલાઈ માસથી રૂ. ૩૫/- કર્યું છે એજન્ટ ભાઈઓનું પણ આ તરફ ધ્યાન દોરિયે છિયે આજીવન સહાયકના રૂ. ૪૦૧/- કરવામાં આવ્યા છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂર્યવંશી ગોહિલો-વંશાવલી

શ્રી સજ્જનસિંહજી ગોહિલ

૧. ગુહિલ–ગૃહદત્ત
૨. ભોજ
૩ મહેન્દ્ર
૪. નાગ (નાગાદિત્ય)
૫. શીલ (શીલાદિત્ય)
૬. અપરાજીત
૭ મહેન્દ્ર (બીજા
૮. કાલભોજ બાપ્પારાવળ
૯. ખુમાણુ
૧૦. મત્તર
૧૧ ભતૃભટ ભર્તૃપટ
૧૨ સિંહ અથવા આગાસિંહ
૧૩. ખુમાણુ (બીજા)
૧૪ મહાયક
૧૫ ખુમાણુ (ત્રીજા)
૧૬ ભર્તૃભટ–ભર્તૃપટ (બીજા)
૧૭. અલ્લટ–અલ્હટ
૧૮. નરવાહન
૧૯. શાલીવાહન

૨૦. શક્તિકુમાર (મેવાડ શાખા)

૨૦. દેવીસિંહ ઉર્ફે સદેવત (ભાવનગર શાખા)

૧. સુતકજી
૨. ધેડજી
૩. વીરમજી
૪. રામજી
૫. વજરાજજી
૬ સાંગાજી
૭ હંસરાજી (કહેવાય છે કે તેમણે પિરગઢમાં ગાદી કરી)
૮. શુડકજી
૯ ભોજરાજજી
૧૦ પુરણચંદ્ર
૧૧. જેસંગજી
૧૨. ધુધગુમલજી
૧૩. અમૃભાણુજી
૧૪. સેજભાણુજી
૧૫ સૂર્યસિંહજી ઉર્ફે મરવન
૧૬. સાજીજી
૧૭. ખટમલજી ઉર્ફે અખમલજી
૧૮ વાઘજી
૧૯. અનંતજી
૨૦ લાજીજી
૨૧. શેષમલજી
૨૨. મહોદારજી
૨૩ ઝાંઝરજી
૨૪ સેજકજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

* 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

* પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી

* કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

* કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

* 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું

* અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ ની ટિકિટો મોકલવી.

મ.ઑ. ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

ટ્રસ્ટી-મંડળ

**૧. ડૉ. ચિનુભાઈ જ. નાયક, ૨. ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી, ૩. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ૪. ડૉ. ભારતીબહેન શેલત, ૫. પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ**

**વાર્ષિક લવાજમ :** રૂા. ૩૫/-, વિદેશ રૂા. ૧૧૨/-, છૂટક રૂા.૪-૫૦

**વર્ષ ૩૬ * શ્રાવણ સં. ૨૦૫૩ * ઑગસ્ટ ૧૯૯૭ * અંક ૧૧**

## અનુક્રમ

| | | |
|---|---|---|
| મેવાડના અને સૌરાષ્ટ્રના દ્વિવિધ ગુહિલો | પ્રો. (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી | ૧ |
| ગોહિલ સૂર્યવંશી કે ચંદ્રવંશી | શ્રી પ્રવીણસિંહજી ગોહિલ | ૧૦ |
| ગોગૂંદા | શ્રી હસમુખભાઈ વ્યાસ | ૧૨ |
| અમદાવાદના 'શહેરસુબા' (શ્રી જયંતિ પ્ર. ઠાકોર) | પ્રો. | ૧૪ |
| સૂર્યવંશી ગોહિલો-વંશાવલી | શ્રી રાજનસિંહજી ગોહિલ | ૧૭ |

**આજીવન સહાયક થવાના રૂા. ૪૦૧/-**

**: મુદ્રણસ્થાન :**
પ્રેરણા મુદ્રણાલય, ૧૭૫૬, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૫૫૦૬૬૦૭
: લેસર ટાઈપ સેટિંગ : ક્રિશ્ના ગ્રાફિક્સ
૯૬૬, નારણપુરા જૂના ગામ,
અમદાવાદ-૩૮૦૦૧૩ * ફોન : ૭૪૮૪૩૯૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મેવાડના અને સૌરાષ્ટ્રના દ્વિવિધ ગુહિલો

પ્રા. (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી

ગુજરાતના ઇતિહાસ સાથે મેવાડના ગુહિલોનો કોઈ સીધો રાજકીય સંબંધ છે એ વિશે આપણે ત્યાં કોઈ પણ ઇતિહાસવિદે શ્રમ લીધો નથી અને તેથી માંગરોળના પ્રદેશમાં ગૌણ સત્તા ભોગવી ગયેલા ગુહિલો અને એમના ઉત્તર કાલમાં પશ્ચિમ મારવાડના લૂણી નદીને કાંઠે આવેલા ખેરગઢમાંથી, કનોજના જયચંદ્ર રાઠોડના ભત્રીજા શિયાજીએ ખેરગઢમાં વીસ પેઢીથી સત્તા ભોગવતા મોહદાસને પરાજિત કરી, યુદ્ધમાં એનો વિનાશ કરી ત્યાંથી ભગાડ્યા ત્યારે મોહદાસનો પૌત્ર સેજકજી સં. ૧૩૦૬-૭(ઈ.સ. ૧૨૫૦)માં પોતાનો પિતા ઝાંગરજી પણ યુદ્ધમાં મરાયો તેથી ખેરગઢની સત્તા ગુમાવી અને આશ્રય માટે વંથળીના ચૂડાસમા રાજવી રા' મહીપાલના દરબારમાં મહેમાન તરીકે આવ્યો, જેને રા'એ પંચાલનાં બાર ગામ ભેટ આપ્યાં, જ્યાં સેજકપુર (અત્યારે તા. સાયલ, જિ. સુરેન્દ્રનગર) વસાવી પોતાનો વિકાસ સાધ્યો. આ ગુહિલોનો મેવાડના ગુહિલો સાથે ક્યા પ્રકારનો સંબંધ હતો એ વિશે ક્યાંય ઇતિહાસવિદોએ કાંઈ મહત્ત્વપૂર્ણ લખ્યું નથી. આ વિષયમાં કાંઈક પ્રકાશ પાડવાનો આ પ્રયત્ન છે. આ સેજકજી વિશે તો આપણે ત્યાં પ્રમાણમાં ઠીક ઠીક લખાયું છે. (પ્રારંભિક વિગતો બંને ગુહિલો વિશે મારા તરફથી 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ચોથો, સોલંકીકાલ'માં પૃ. ૧૫૧-૧૫૩ માં લખાયું હોઈ એની પુનરુક્તિ અહીં કરી નથી. એટલું જ સૂચવું કે સેજકજીના પુત્ર રાણોજીએ સં. ૧૩૪૬ (ઈ.સ. ૧૨૯૦)માં પિતા પાછળ સત્તા પર આવ્યો ત્યારે 'રાણપુર' વસાવ્યું અને રાજધાની ત્યાં લઈ ગયો.)

માંગરોળ-સોરઠમાં અણહિલપુર પાટણના સોલંકી રાજવી તરફથી 'સૌરાષ્ટ્રરક્ષાક્ષમ' ઠા. મૂલુક ગુહિલ સં. ૧૨૦૨ (ઈ.સ. ૧૧૪૬) સૌરાષ્ટ્રના વહીવટદાર તરીકે સત્તા ઉપર હતો તેનો પિતા સહજિગ "ચૌલુક્યાંગનિગૂહક' હતો, અર્થાત્ કે ચૌલુક્ય રાજવીનો એક અંગરક્ષક હતો, જેના પિતાનું નામ 'સાહાર' હતું. સહજિગનો બીજો પુત્ર 'સોમરાજ' હતો, જેણે પિતાની અમર કીર્તિ થવા 'શ્રીસહજિગેશ્વર મહાદેવ'નું મંદિર બંધાવ્યું હતું. મારા તરફથી એવી સંભાવના કરવામાં આવી હતી કે 'ચોરવાડ'ના ઉગમણે પાદર 'જડેશ્વર' મહાદેવ છે તે આ 'શ્રીસહજિગેશ્વર મહાદેવ' હશે. આ વિશે વધુ વિચાર કરતાં એવી સંભાવના શક્ય બને એમ છે કે આ મહાદેવમાંનો માંગરોળની સૈયદવાડાને નૈર્ઋત્ય ખૂણાને નાકે કોટના વિસ્તારમાં સં.૧૩૭૫ (ઈ.સ. ૧૩૧૯)માં રા' મહીપાલદેવના સત્તાકાલમાં વલી (? બલી) સોઢલે બંધાવેલી અને તેથી 'સોઢળીવાવ' તરીકે જાણીતી વાવમાં પ્રવેશતાં ત્રીજા ચોથા પગથિયે જમણા હાથની દીવાલમાં સં. ૧૨૦૨ (ઈ.સ. ૧૧૪૬)નો શિલાલેખ ચોડવામાં આવ્યો છે તે એટલે છેટેથી લાવવામાં આવ્યો ન હોય, પરંતુ એનું કોઈ નજીકનું સ્થાન હોવું જોઈયે.

માંગરોળ-સોરઠ મારું જન્મસ્થાન તેમ વતન છે તેથી ત્યાંનાં ઐતિહાસિક સ્થાનોનો મને પરિચય છે, ક્યાં ક્યાં જૂના અવશેષો પડ્યા છે, ક્યાં ક્યાં હિંદુ સ્થાનોને મસ્જિદોમાં પરિવર્તિત કરવામાં આવ્યાં છે એનો મારો અભ્યાસ છે. આમ કહુ છું ત્યારે માંગરોળ - બહારકોટના ઉગમણા જેલ દરવાજાથી કામનાથ મહાદેવ તરફ પાંચ કિ.મી. જવા સડક ઉપર ચડિયે છિયે કે તરત ભાગ્યેજ અર્ધા કિ.મી. ઉપર ડાબે હાથે જૂનું તળાવ આવે છે એના વિકાસ માટેના દક્ષિણ કાંઠા ઉપરના નાળા જેવા ખચકામાં અને કાંઠાની નીચલી સપાટીએ કોઈ પ્રાચીન સ્થાપત્યના કેટલાક અવશેષો હજી પણ પડેલા જોવામાં આવે છે. તળાવને દક્ષિણ કાંઠે આવેલા કોઈ મંદિરના આ અવશેષો છે એવું જોતાં જ કહી શકિયે. આ સ્થાન શ્રીસહજિગેશ્વર મહાદેવના મંદિરનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાનો મને વિશ્વાસ છે. એ તોડી નાખવામાં આવ્યું હોય ત્યારે ત્યાંના જ એ સં.૧૨૦૨ (ઈ.સ. ૧૧૪૬)ના શિલાલેખને ૧૪ મી સદીમાં મુસ્લિમો આવતાં કોટના એ વાયવ્ય ખૂણાના અંદરના ભાગમાં વસતા હિંદુઓએ ખસેડી સૈયદોએ કબજો લીધો ને સૈયદવાડો વિકસ્યો એ પહેલાં સૈયદવાડાને નૈર્ઋત્ય ખૂણે ગાદીના દરવાજાની અંદર રસ્તાની ઉત્તરે આવેલી રા'હીપાલદેવના સમયની સં.૧૩૭૫ (ઈ.સ.૧૩૧૯)ની વલી (? બલી) સોઢલની કરાવેલી વાવમાં સલામત સ્થળે સંઘરી લેવામાં આવ્યો, જે લેખે આપણને સાહાર, એનો પુત્ર સહજિગ, એના પુત્રો મૂલુક ને સોમરાજ (બે ભાઈ) તથા માંગરોળથી પૂર્વ દિશામાં પાંચેક કિ.મી.ના અંતરે નોળી નદીના પશ્ચિમ કાંઠાના ભૃગુમઠના ભાઠામાં આવેલા કામનાથ મહાદેવના બારણામાં દક્ષિણે પાછળથી ઓરસિયો બનાવી નાખેલા પૂજાના પથ્થર ઉપરના ઠા. મૂલુક ગુહિલના પુત્ર રાણક સ. ૧૨૮૬(ઈ.સ. ૧૨૩૦)ના લેખમાં બતાવ્યા પ્રમાણે સાહારથી ચોથી પેઢીનો રાણક જોવા મળે છે. એ પેઢી કે ભાયાતની પેઢી આગળ ચાલી હોય. માધવપુર-ઘેડ ગામમાં એક પુરોહિતને ત્યાં સચવાયેલા શિલાલેખ વિ.સં. ૧૩૧૯ (ઈ.સ. ૧૨૫૩) આસપાસનામાં કુમરપાલ ગુહિલે શ્રીમાધવરાયજી અને શ્રીબલરામનું શિખરબંધ મંદિર માધવપુરમાં બંધાવ્યાનો નિર્દેશ થયો છે. (આ મંદિર અત્યારે ભગ્નાવસ્થામાં છે અને રાજગઢીમાં જ ૫૦-૬૦ ફૂટ ઉગમણું પ્રથમ સં. ૧૭૯૯ (ઈ.સ. ૧૭૪૩)માં નવું બંધાવેલું તે સ્થળે પછી વિ.સં. ૧૮૯૬ (ઈ.સ. ૧૮૪૦)માં રાણા વિકમાતની માતા રૂપાલી બાએ પુષ્ટિમાર્ગીય હવેલીઘાટનું પાછળથી મંદિર બંધાવ્યું તેમાં બંને સ્વરૂપોની સેવા થાય છે. અહીં કાર્તિક સુદિ બારસના દિવસે સાદાઈમાં અને ચૈત્ર સુદિ રામનવમીથી તેરસ સુધીનો મોટો મેળો ભરાય છે ત્યારે બારસ-તેરસે શ્રીકૃષ્ણ-રુકૂમિણીનાં ધામધૂમથી વરણાગી કાઢીને વૈદિક વિધિથી લગ્ન થાય છે અને કીર્તનિયાઓ ગાતા બજાવતા મંદિરથી વનમાં રુકૂમિણીનો મંડપ છે ત્યાં પધરાવ્યા પછી લગ્ન-માહ્યરાં દેવાય છે. ભીમ નામના એક ગુજરાતી કવિએ ભાગવતની સમગ્ર કથાને સાંચવતા 'હરિલીલાષોડશકલા' નામના કાવ્ય(સં. ૧૫૪૧- ઈ.સ.૧૪૮૫)માં શ્રીકૃષ્ણે રુકૂમિણી સાથે અહીં લગ્ન કર્યાનો નિર્દેશ કર્યો છે. આમ મંદિરની સ્થાપના થઈ ત્યારથી આ ઉત્સવ માધવપુરમાં ધામધૂમથી ઊજવાય છે.

આ શિલાલેખમાં એની બે પેઢીના પૂર્વજોનો નિર્દેશ થયો છે. કુમરપાલનો પિતા અયપાલ (અજપાલ) અને દાદો માલ્હણ હોવાનું આ લેખમાં સૂચવાયું છે. રાણકના કામનાથના લેખનું વર્ષ સ. ૧૨૮૬ છે, જ્યારે કુમરપાલના લેખનું સં. ૧૩૧૯ શક્ય છે, આમ બંને વચ્ચે ૨૨ વર્ષનો તફાવત છે. રાણક અને માલ્હણ વચ્ચેનો કોઈ સંબંધ માત્ર 'ગુહિલ' અવટંક સિવાય પકડાતો નથી. શ્રી મોહનપુરી (માધવપુર-ઘેડ, પૃ.૧૩) રાણકનો માલ્હણ, માલ્હણનો અયયાલ અને અયપાલનો કુમરપાલ એમ બતાવે છે, પણ સમયની દૃષ્ટિએ માલ્હણ રાણકનો સમકાલીન કોઈ પિતરાઈ ભાઈ હોય એવું સમઝાય છે.

એટલું તો સ્પષ્ટ છે ક ખેરગઢથી આવેલા સેજકજી (સં. ૧૩૦૬-૭, ઈ.સ. ૧૨૫૦) સાથે આ માધવપુરવાળા ગુહિલોને નજીકનો કૌટુંબિક સંબંધ બંધ બેસે એમ નથીી.

દક્ષિણ સૌરાષ્ટ્રના આ ગુહિલો સંભવ તો એવો છે કે અણહિલપુર પાટણના રાજવીઓને ત્યાં આશ્રયે આવ્યા અને એમની શક્તિ જોઈ વંથળીના ચૂડાસમાઓની સામે દક્ષિણ સૌરાષ્ટ્રનો કબજો જાળવી રાખવા એમને મોકલ્યા. મૂળમાં તો એ 'ચૌલુક્યાંગનિગૂહહ' - ચૌલુક્યરાજવીના અંગરક્ષક હતા અને એમની શક્તિ જોઈ મૂલુકને 'સૌરાષ્ટ્રસાક્ષમ' કહી દક્ષિણ સૌરાષ્ટ્રનો વહીવટદાર બનાવ્યો હોય.

દક્ષિણ સૌરાષ્ટ્રના આ ગુહિલો અને મોડેથી વંથળીના રા'ને ત્યાં આશ્રય લેવા આવેલા મારવાડી સેજકજી ગુહિલનો મેવાડના ગોહિલો સાથે કોઈ સંબંધ છે કે નહિ એ નક્કી કરવા માટે આદ્ય પુરુષ 'ગુહદત્ત' સુધી આપણે જવું જોઈએ. આ વિષય ઉપર જોઈતો પ્રકાશ આપણે સ્વ.ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ રચેલા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ઉદયપુર રાજયકા ઇતિહાસ - પહલી જિલ્દ (સં. ૧૯૮૫-ઈ.સ. ૧૯૧૯) દ્વારા મેળવી શકિયે એમ છે. એમણે (પૃ.૯૪-૯૫) ૧. આટપુર(આહટ-મેવાડનો વિ.સં. ૧૦૩૪-ઈ.સ.૯૭૮), ૨. ચિત્તોડ (વિ.સં. ૧૩૩૧-ઈ.સ. ૧૨૭૫), ૩ આબુ (વિ.સં. ૧૩૪૨- ઈ.સ. ૧૨૮૬), ૪. રાણપુર (વિ.સં. ૧૪૯૬-ઈ.સ. ૧૪૪૦) અને ૫. કુંભલગઢ આબુનો (વિ.સં. ૧૫૧૭-ઈ.સ. ૧૪૬૧) આ પાંચ લેખોની મદદથી ગુહદત્તથી ૨૦ મા શક્તિકુમાર સુધીની પેઢી ઉતારી છે. આમાંની આટપુર-આહડની વંશાવલી અખંડ છે, જ્યારે બાકીની ચાર વચ્ચે વચ્ચેથી ખંડિત છે. આમાંની ચિત્તોડ આબુ અને રાણપુરવાળા લેખોમાં ગુહિલ(= ગુહદત્ત)ના પિતા તરીકે 'બપ્પ' (ચિત્તોડનામાં 'બપ્પક') આપેલ છે, જે શ્રદ્ધેય નથી, ગુહદત્તથી જ આરંભ થાય છે. આટપુર-(આહડ)ની વંશાવલીમાં ગુહુદત્તનો ભોજ, ભોજનો મહેંદ્ર, મહેંદ્રનો નાગ અને નાગનો શીલ કહેલ છે. આ ગુહિલો ક્યાં રાજય કરતા હતા એ પ્રશ્નનો એક ઉકેલ આવ્યો છે. આગ્રામાંથી એકાદ નહિ, પરંતુ બે હજાર સિક્કા ગુહના પ્રાપ્ત થાય છે (પૃ.૯૬), આટલો બધો મોટો સંગ્રહ આગ્રા પ્રદેશમાં ગુહિલોની સત્તા હોય તો જ સંભવે. પાંચમા શીલ કિંવા શીલાદિત્યનો સામોલી ગામમાંથી સં. ૭૦૩(ઈ.સ. ૬૪૬)નો શિલાલેખ મળ્યો છે એ પણ મેવાડ બહારના પ્રદેશોમાંનો છે. શીલના આ નિશ્ચિત સમયથી ગુહ કિંવા ગુહદત્તનો સમય અંદાજે સં. ૬૨૩(ઈ.સ.૫૬૬)નો ગણી શકાય, એ આગ્રાના પ્રદેશના રાજવી તરીકે (પૃ. ૯૮). ગુહથી ચોથા રાજવી નાગ કિંવા નાગાદિત્યના નામ ઉપરથી 'નાગદા' નામ પડ્યું છે. એ છેક મેવાડ સુધી સત્તા પહોંચી એવું બતાવે. આમ છતાં અજમેર જિલ્લાના ખેરવા તાબાના નાસૂણ ગામમાંથી સં. ૮૮૭ (ઈ.સ.૮૩૦)ના વૈશાખ વદિ બીજનો ખંડિત શિલાલેખ મળ્યો છે તેમાં ગુહિલોમાંના ધનિક અને ઈશાનભટ્ટ નામના મંડલેશ્વરોનાં નામ છે, જે જયપુરના પ્રદેશના ચાટસૂ ગામના શાસકોના સંબંધીઓ જણાય છે. આ ચાટસૂ ગામ આગ્રાથી કાંઈ દૂર નથી. આ ચારસૂ ગામમાં ગુહિલોની સત્તા હતી એ બતાવનારો એક શિલાલેખ ૧૧ મી સદી આસપાસનો મળ્યો છે તેમાં ગુહથી ૧૧ મી પેઢીએ થયેલા ભર્તૃભટ્ટ (સં. ૮૫૦-ઈ.સ. ૭૬૩)થી શાખાના ૨૩ મા બાલાદિત્ય સુધીનાં નામ આપ્યાં છે, જે એ પ્રદેશ પર ગુહિલ સત્તાનો ખ્યાલ આપે છે ( પૃ. ૯૧).

શીલ પછી એના પુત્ર અપરાજિતનો નાગદા નજીકના કુંડલેશ્વરના મંદિરનો સં.૭૧૮ (ઈ.સ.૬૬૧)-નો લેખ શીલવાળી શાખાનો પ્રવેશ મેવાડમાં થઈ ચૂક્યાનો બીજો પુરાવો સુલભ કરી આપે છે (પૃ. ૧૦૦).

ગુહથી ૨૦ મી પેઢીએ થયેલા શક્તિકુમારનો સમય મેવાડના આટપુર(આહાડ)થી સં.૧૦૩૪ (ઈ.સ. ૯૭૭)નો લેખ ગુહથી શક્તિકુમાર સુધીની ૨૦ પેઢીની વંશાવલી પૂર્ણ સ્વરૂપ દ્વારા બતાવે છે. આ શક્તિકુમાર હવે મેવાડનો શાસક બની ચૂક્યો હોય એમ લાગે છે. આ પહેલાંના નરવાહનનો એક માત્ર લેખ શ્રી એકલિંગજીના મંદિરની નજીકના નાથ સંપ્રદાયના લકુલીશના મંદિરનો સં ૧૦૨૮ (ઈ.સ. ૯૭૧)નો મળ્યો છે એ પણ મેવાડમાંના આધિપત્યનો પુરાવો આપે છે. (નરવાહનનો પુત્ર શાલિવાહન અને શાલિવાહનનો પુત્ર પેઢીએ ૨૦ મો શક્તિકુમાર) નરવાહનના લેખમાં એક પૂર્વજ 'બપ્પક'ની પ્રશસ્તિ કરવામાં આવી છે. આ 'બપ્પક' શીલનો પુત્ર અપરાજિત (સં. ૭૧૮ - ઈ.સ. ૬૬૨), એનો મહેંદ્ર (બીજો), એનો કાલભોજ એ આ 'બપ્પક' (બાપા રાવળ) છે. આ કાલભોજ ઉર્ફે બપ્પ (બાપા રાવળ)નો સમય સં. ૭૯૧ (ઈ.સ. ૭૩૪) અને સં. ૮૧૦ (ઈ.સ. ૭૫૩) નિશ્ચિત છે. પહેલો સંવત બપ્પે આવી મેવાડ ઉપર આધિપત્ય સ્થાપ્યાનો અને બીજો સંવત એણે લીધેલા સંન્યાસનો છે. બપ્પ ગુહથી ૮ મી પેઢીએ થયો.

બપ્પ મેવાડનો અધિપતિ થયો છતાં બીજી શાખાઓ ઉત્તર રાજસ્થાનમાં હતી, જે શાખામાંથી ખેરગઢ પર સત્તા ધરાવનાર સેજકજી કનોજના આક્રમણને કારણે ખેરગઢ છોડી છેક વંથળીના ચૂડાસમા રા'ના આશ્રયે આવ્યો હતો. સેજકજીના પૂર્વજોમાં એક શાલિવાહન હતો, જેનો પિતા નરવાહન અને પુત્ર શક્તિવાહન હતા. આ શાલિવાહન શકારિ શાલિવાહન છે એમ માની સેજકજી ચંદ્રવંશના હતા એવું કહેવામાં આવે છે. એની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અયથાર્થતા શ્રી ગૌ.હી.ઓઝાએ સ્પષ્ટ કરી છે (પૃ. ૧૨૯). સેજકજીનો પૂર્વજ શાલિવાહન તો સં.૧૦૨૮ (ઈ.સ. ૯૭૭)ના નરવાહન અને શક્તિકુમારના સમયના વચગાળાનો રાજવી હતો, નહિ કે ઈ.સ.ની બીજી સદીનો શકારિ શાલિવાહન. શાલિવાહન આટપુર(આહાડ)ના લેખની વંશાવલીમાં ૧૮ મી અને ૨૦ મી પેઢી વચ્ચે ૧૯ મી પેઢીએ નોંધાયેલ છે જ.

ઉપર યથાસ્થાન બતાવ્યું છે કે અણહિલપાટણના ચૌલુક્ય (સોલંકી) રાજવીના 'ચૌલુક્યાંગનિગૂહક' તરીકે મૂલુકની પેઢીના ગુહિલો નિર્દેશાયા છે.

ગૌ.હી.ઓઝા ગુહથી ૧૮ માં નરવાહનના પુત્ર શાલિવાહન વિશે લખતાં જણાવે છે કે

"शालिवाहन के कितने ही वंशजों के अधिकार में जोधपुर राज्य का खेड़ नामक इलाका था। गुजरात के सोलंकियों के समय खेड़ से कुछ गुहिलवंशी अनहिलबाड़े जाकर वहाँ के सोलंकियों की सेवा में रहे। गुहिलवंशी साहार का पुत्र सहजिक (सेजक) चौलुक्य (सोलंकी) राजा (संभवत:) सिद्धराज जयसिंह का अंगरक्षक नियत हुआ और उसको काठियावाड़ में प्रथम जागीर मिली तभी से मेवाड़ के गुहिलवंशियों की संतति का वहाँ प्रवेश हुआ। सहजिक (सेजक) के दो पुत्र मूलुक और सोमराज थे, जिन में मूलुक अपने पिता का उत्तराधिकारी हुआ। (पृ. १२६-१२७)".

શ્રી ઓઝાએ આ પછી થોડી ગરબડ કરી છે :" उसके वंशमें काठियावाड़ में भावनगर, पालीताना आदि राज्य और रेवाकांठे (गुजरात) में राजपीपला है। (पृ. १२७)"

એમણે 'સહજિગ અને 'સેજક(જી)'ને એક માની આ ગરબડ કરી છે. આમ છતાં આ પછી એક વાત પર પ્રકાશ પાડતાં મહત્ત્વની હકીકત લખી છે : "प्राचीन इतिहाल के अधिकार में पीछे से कई राजवंशों ने अपना संबंध किसी न किसी प्रसिद्ध राजा से मिलाने का उद्योग किया, जिसके प्रमाण मिलते हैं। ऐसे राजवंशों में उक्त राज्यों के गोहिलो की भी गणना हो सकती है। उनको इतना तो ज्ञात था कि वे अपने मूल पुरुष गुहिल के नाम से गोहिल कहलाये और शालिवाहन के वंशज हैं। उनके पूर्वज पहले जोधपुर राज्य के खेड़ इलाके के स्वामी थे और उनमें सेजक (सहजिग) नामक पुरुषने सर्वप्रथम काठियावाड़ में जागीर पाई, परंतु खेड़ के गोहिल मेवाड़ के राजा शालिवाहन के वंशज थे, वह न जानने से ही उन्होंने अपने पूर्वज शालिवाहन को शक संवत प्रवर्तक, पैठण की प्रसिद्ध आंध्रवंशी शालिवाहन मान लिया और चंद्रवंशी न होने पर भी उसको 'चंद्रवंशी' ठहरा दिया। यह कल्पना अधिक पुरानी नहीं है, क्योंकि काठियावाड़ आदि के गोहिल पहले अपने को मेवाड़ के राजाओं की नाई सूर्यवंशी ही मानते थे। (पृ. १२८-१२९)"

એ તદ્દન સ્પષ્ટ છે કે સૌરાષ્ટ્રના ઇતિહાસની પૂરી માહિતી નહિ મળવાને કારણે માત્ર નામસામ્યે ('સહજિગ' અને 'સેજક' વિશે) શ્રી ઓઝાને હાથે ઉપર્યુક્ત ગરબડ થઈ છે. અત્યારે તો બેઉ વિશે પ્રામાણિક માહિતી સુલભ હોવાથી દક્ષિણ સૌરાષ્ટ્રના જૂના ગુહિલો 'સાહાર'થી 'કુમરપાલ' સુધીના જુદા છે અને ગોહિલવાડને વિકસાવનારા પશ્ચિમ મારવાડના ખેરગઢથી આવેલા સેજકજી સહિતના ગોહિલો સર્વથા અલગ છે. એમનો ઇતિહાસ પણ વ્યવસ્થિત છે. ગુજરાતના ઇતિહાસવિદોને આ વિષયમાં કોઈ મતભેદ નથી.

અહીં એક સ્પષ્ટતા કરવી જરૂરી છે કે માંગરોળ-સોરઠના ગુહિલો અને ગોહિલવાડમાં આવીને સ્થિર થયેલા સેજકજીવાળા ગુહિલોને એક માની માંગરોળવાળા ગુહિલોને પણ ખેરગઢમાંથી આવ્યા એવો મત શ્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓઝાનો બંધાઈ ગયો. વાસ્તવમાં માંગરોળવાળા ગુહિલો સંભવતઃ મેવાડમાંથી કોઈ કારણે આવેલા, પણ ક્યા રાજવીના સમયમાં એ જાણવાનું કોઈ સાધન હજી સુધી તો જાણવામાં આવ્યું નથી.

કાલભોજ કિંવા બપ્પ (બાપા રાવળ) વિ.સં. ૭૯૧ (ઈ.સ.૭૩૪) માં મેવાડમાં આવી સંપૂર્ણ સત્તાધીશ બન્યો હતો અને વિ.સં. ૮૧૦ (ઈ.સ. ૭૫૩)માં પુત્ર ખુમાણને સત્તા સોંપી સંન્યાસી થયો હતો. એના ભાયાતોમાંના કેટલાક ઉપર કહ્યું તેમ જયપુરથી આગળ વધી પશ્ચિમ મારવાડના ખેરગઢ સુધી પહોંચ્યા હતા, સેજકજી કનોજના રાઠોડથી પરાસ્ત થઈ સૌરાષ્ટ્રમાં આવી સ્થિર થયો હતો. સન ૧૯૪૭ માં સ્વરાજ્ય મળ્યું ત્યાંસુધી રાજસ્થાનમાં મેવાડમાં અને પડોશના ડુંગરપુરના વાગડ વિસ્તારમાં ગુહિલોનાં બે રાજ્ય હતાં. મેવાડમાં ચિત્તોડમાં રાજધાની રાખીને પાછળથી સિસોદિયા કહેવાયા તે રાજવંશ સત્તા ઉપર હતો, જેનો આદ્ય સ્થાપક કાલભોજ કિંવા બપ્પ (બાપા રાવળ) હતો, જેની ૨૬ મી પેઢીએ થયેલા રણસિંહના પુત્ર ક્ષેમસિંહથી વાગડના ડુંગરપુરમાં શાખા વિકસી અને ત્યાંથી મેવાડના ગુહિલો સિસોદિયા કહેવાયા. વિ.સં. ૧૬૨૪ (ઈ.સ.૧૫૬૮)માં ચિત્તોડ પર અકબરે ચડાઈ કરીને હસ્તગત કર્યા પછી ઉદેપુર મહારાણા પ્રતાપસિંહના સમયમાં રાજધાનીનું નગર બન્યું, જે ઈ.સ. ૧૯૪૭ સુધી રહ્યું.

છેલ્લો મહત્ત્વનો પ્રશ્ન તો એ બાકી રહે છે કે ગુહિલો સૂર્યવંશી હતા કે ચંદ્રવંશી. જૂનાં કોઈ પ્રમાણો મળ્યાં નથી કે આપણે એનો તરત નિર્ણય લઈ શકિયે. બેશક, ગુહિલો પોતાને 'સૂર્યવંશી' જ માને છે, છતાં 'ચંદ્રવંશી' એવો પણ મત બહાર આવ્યો હતો એ વિશે તદન સંક્ષેપમાં મહત્ત્વનો ખુલાસો ગૌ.હી.ઓઝાએ પ્રસંગવશાત્ આપ્યો છે, એ આપણે ઉપર આ પહેલાં જોયું છે.

મેવાડના ગુહિલો પરંપરાથી પોતાને સૂર્યવંશી માને છે, પણ ચંદ્રવંશી હતા એ મત તો સ્વ. દેવશંકર વૈકુંઠજી ભટ્ટે ભાવનગરના બાલબોધ ઈતિહાસ (પૃ. ૫-૧૦) અને અમૃતલાલ ગોવર્ધનદાસ શાહ તથા કાશીરામ ઉત્તમરામ પંડ્યાએ 'હિંદ રાજસ્થાન (પૃ. ૧૧૩-૧૪, ૧૬૪-૨૩૫)'માં જાણવામાં આવ્યો છે, જ્યાં શકારિ શાલિવાહન(ઈ.સ. ૧ લી સદી)ને અને ગુહના ૧૯ મા વંશજ શાલિવાહનને અનન્ય માની લેવામાં આવ્યા જણાય છે. રાજપ્રશસ્તિ મહાકાવ્ય (સં. ૧૭૩૨ ઈ.સ. ૧૬૭૬)માં તો સ્પષ્ટ રીતે ગુહિલોને સૂર્યવંશી કહી છેક વિવસ્વાનથી લઈ સુમિત્ર સુધીની ભાગવતાનુસારી વંશાવલી આપવામાં આવી છે, પણ નોંધવા જેવું તો એ છે કે અપ્રસિદ્ધ સં. મંડલિકચરિતકાવ્યમાં એના રચિયતા ગંગાધર કવિએ કાઠિયાવાડ - સૌરાષ્ટ્રના ગોહિલોને સૂર્યવંશી અને ઝાલાઓને ચંદ્રવંશી કહ્યા છે : रवि-विधूद्भवगोहिलझल्लकैः(૬૨૩) આ કાવ્ય વિ.સં. ૧૪૫૦ (ઈ.સ.૧૩૯૬) આસપાસ સૌરઠના રા મંડલીકની પ્રશસ્તિમાં રચાયેલું મહાકાવ્ય છે (ઓઝા : પૃ. ૧૨૯-૩૦ પાદટીપ) : 'રવિ' એ સૂર્ય અને 'વિધુ' એ ચંદ્ર, 'રવિ-સૂર્યના 'ગોહિલો' અને 'વિધુ'-ચંદ્રના વંશમાં ઉદ્ભવ પામેલા 'ઝાલા'.

અંગત દર્શાનાનુભવ નોંધવા જેવો છે. મહારાણા શ્રી ભગવતસિંહજી-મેવાડ વિશ્વ હિંદુ પરિષદના કેટલાંક વર્ષો માટે પ્રમુખ હતા એટલે વારંવાર મળવાનું થતું હતું. એમની મુખમુદ્રા જોતાં મને પીતાંગ-સૂર્યવંશી 'મૉન્ગોલોઈડ' પ્રજાની લાક્ષણિકતા અનુભવાતી. એ ખરું છે કે ઋગ્વેદ (અંદાજે સમય સ્વ.શ્રી બાલ ગંગાધર તિલકને મતે ઈ.પૂ. ૮૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષ પ્રાચીન) થી પણ પૂર્વના સમયમાં એશિયાની ત્રણ પ્રજા (૧) ગૌરાંગ-ચંદ્રવંશી 'કૉકેસોઈડ' (હિમાલયના પશ્ચિમાર્ધથી લઈ એશિયાની પશ્ચિમ સરહદ સુધી જઈ પહોંચેલી ત્યાં 'કૉકેસસ' ગિરિમાલા તરીકે જાણીતા પ્રદેશમાં વિકસેલી, પ્રાચીનતમ 'શિવાપિથેકસ' આદિમાનવથી ઊતરી આવેલી, (૨) પીંતાંગ-સૂર્યવંશી - 'મૉન્ગોલોઈડ' (હિમાલયના પૂર્વાર્ધથી પ્રશાંત મહાસાગરના કાંઠા સુધીમાં વિકસેલી, પ્રાચીનતમ 'સિનોપિથેકસ' આદિમાનવથી ઊતરી આવેલી) અને (૩) શ્યામાંગ દનુવંશી-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ઑસ્ટ્રોલોઇડ' વિષુવવૃત્તના બેઉ બાજુના દક્ષિણ ટાપુઓમાંની પ્રાચીનતમ 'જાવાપિથેકસ' આદિમાનવમાંથી ઊતરી આવેલી આ ત્રણે એશિયાની પ્રજાઓનું સંમિશ્રણ ચાલુ હતું. સૂર્યવંશ અને ચંદ્રવંશના મિશ્રણને તો આપણે જાણિયે જ છિયે, એ સાથે ઋગ્વેદમાં જેના નામનો નિર્દેશ થયેલો છે (ઋ.૧.૩૧.૧૭ અને ૧૦.૬૩.૧) તે ચંદ્રવંશી યયાતિની દેવયાની (શુક્રાચાર્યની પુત્રી) અને શર્મિષ્ઠા (વૃષપર્વાની પુત્રી) એ રાણીઓ (દનુવંશી - દાનવોની પુત્રીઓ), વળી શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધની પત્ની (બાણાસુરની પુત્રી) ઉષા પણ. વર્તમાનમાં આપણે ભારતીયોનાં કુટુંબોને સૂક્ષ્મતાથી જોઈયે તો પ્રત્યેક કુટુંબમાં ત્રણ (રંગો) મળવાના, તો આંખોમાં પણ ઝીણી આંખો પણ મળવાની. રાજપૂતોમાં પણ આ આપણે અનુભવી શકિયે છિયે. છતાં ચંદ્રવંશીઓનાં નાકની ડાંડી, આંખો, મોઢાની માંડણી આવાં સંમિશ્રણોમાં પણ જોવામાં આવે છે, જ્યારે સૂર્યવંશીઓના નાક-આંખ અને મોઢાની માંડણી આપણને આછી ભેદરેખા આપશે. શ્યામાંગ માણસો પણ જ્યાં જ્યાં જઈયે ત્યાં ત્યાં આપણાંઓમાં જોવા મળે છે, જેમાં ગૌરાંગ-પીતાંગની અણસાર સહજ રીતે જોવા મળે છે.

શ્રીરામ સૂર્યવંશી અને શ્રીકૃષ્ણ ચંદ્રવંશી યાદવ બેઉ ઘનશ્યામ, જ્યારે લક્ષ્મણ અને બલરામ ગૌરાંગ આ વિષયમાં કોઈને કશો મતભેદ નથી.

અહીં ધ્યાન દોરું કે વસિષ્ઠના આબુ પર્વત ઉપરના યજ્ઞમાં વેદીમાંથી ચાર પુરુષો નીકળ્યા તેઓમાંથી રાજપૂતો વિકસ્યા એ દંતકથાને સાચી માનિયે તો એ ચાર પુરુષનું તે તે એક કુળ હોય, તો આજે છત્રીસ કુળો આપસ આપસમાં લગ્નસંબંધથી બંધાય છે એ આપણને મુશ્કેલીમાં મૂકી દે. ભારતીય લગ્નપ્રણાલિકામાં સગોત્ર લગ્ન સર્વથા નિંદ્ય ગણાયેલ છે એવું આપણે સૌ સારી રીતે જાણિયે છિયે. આ વિષયમાં બ્રાહ્મણો જેવા જ રાજપૂતો સભાન છે.

## મેવાડના નરેશોનું ઐતિહાસિક વંશ-વૃક્ષ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ગુહિલ (ગુહ, ગુહદત્ત) | સમ્બત | ૬૨૩ | સન | ૫૬૬ |
| ૨. | ભોજ | - | ૬૪૩ | - | ૫૮૬ |
| ૩. | મહેન્દ્ર | - | ૬૬૩ | - | ૬૦૬ |
| ૪. | નાગ(નાગાદિત્ય) | - | ૬૮૩ | - | ૬૨૬ |
| ૫. | શિલાદિત્ય | - | ૭૦૩ | - | ૬૪૬ |
| ૬. | અપરાજિત | - | ૭૧૮ | - | ૬૬૧ |
| ૭. | મહેન્દ્ર (બીજો) | - | ૭૪૫ | - | ૬૮૮ |
| ૮. | કાલભોજ (બાપા) | - | ૭૯૧ | - | ૭૩૪ |
| ૯. | ખુમાન | - | ૮૧૦ | - | ૭૫૩ |
| ૧૦. | મત્તટ | - | ૮૩૦ | - | ૭૭૩ |
| ૧૧. | ભર્તૃભટ્ટ | - | ૮૫૦ | - | ૭૯૩ |
| ૧૨. | સિંહ | - | ૮૭૦ | - | ૮૧૩ |
| ૧૩. | ખુમાન (બીજો) | - | ૮૮૫ | - | ૮૨૮ |
| ૧૪. | મહાયક. | - | ૯૧૦ | - | ૮૫૩ |
| ૧૫. | ખુમાન (ત્રીજો) | | ૯૩૫ | | ૮૭૮ |
| ૧૬. | ભર્તૃભટ્ટ(બીજો) | - | ૯૯૯ સે ૧૦૦૦ તક | ૯૪૨ સે ૯૪૩ તક | |
| ૧૭. | અલ્લટ | - | ૧૦૦૮ સે ૧૦૧૦ તક | ૯૫૧ સે ૯૫૩ તક | |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮. | નરવાહન | - | ૧૦૨૮ | - | ૯૭૧ |
| ૧૯. | શાલિવાહન | - | ૧૦૩૦ | - | ૯૭૩ |
| ૨૦. | શક્તિકુમાર | - | ૧૦૩૪ | - | ૯૭૭ |
| ૨૧. | અમ્બાપ્રસાદ | - | ૧૦૫૦ | - | ૯૯૩ |
| ૨૨. | શુચિવર્મા | - | ૧૦૬૪ | - | ૧૦૦૭ |
| ૨૩. | નરવર્મા | - | ૧૦૭૮ | - | ૧૦૨૧ |
| ૨૪. | કીર્તિવર્મા | - | ૧૦૯૨ | - | ૧૦૩૫ |
| ૨૫. | યોગરાજ | - | ૧૧૦૮ | - | ૧૦૫૧ |
| ૨૬. | બેરઠ | - | ૧૧૨૫ | - | ૧૦૬૮ |
| ૨૭. | હંસપાલ | - | ૧૧૪૫ | - | ૧૦૮૮ |
| ૨૮. | વૈરસિંહ | - | ૧૧૬૦ | - | ૧૧૦૩ |
| ૨૯. | વિજયસિંહ | - | ૧૧૬૪ | - | ૧૧૦૭ |
| ૩૦. | અરિસિંહ | - | ૧૧૮૪ | - | ૧૧૨૭ |
| ૩૧. | ચૌડસિંહ | - | ૧૧૯૫ | - | ૧૧૩૮ |
| ૩૨. | વિક્રમસિંહ | - | ૧૨૦૫ | - | ૧૧૪૮ |
| ૩૩. | રણસિંહ | - | ૧૨૧૫ | - | ૧૧૫૮ |
| ૩૪. | ક્ષેમસિંહ | - | ૧૨૨૫ | - | ૧૧૬૮ |
| ૩૫. | સામન્તસિંહ | - | ૧૨૨૮ | - | ૧૧૭૨ |
| ૩૬. | કુમારસિંહ | - | ૧૨૩૬ | - | ૧૧૭૯ |
| ૩૭. | મથનસિંહ | - | ૧૨૪૮ | - | ૧૧૯૧ |
| ૩૮. | પદમસિંહ | - | ૧૨૬૮ | - | ૧૨૧૧ |
| ૩૯. | જૈત્રસિંહ | - | ૧૨૭૦૧૩૦૬ | - | ૧૨૧૩-૧૨૫૩ |
| ૪૦. | તેજસિંહ | - | ૧૩૧૭-૧૩૨૪ | - | ૧૨૬૧-૧૨૬૭ |
| ૪૧. | સમરસિંહ | - | ૧૩૩૦-૧૩૫૮ | - | ૧૨૭૩-૧૩૦૦ |
| ૪૨. | રતનસિંહ | - | ૧૩૫૬ | - | ૧૩૦૩ |
| | | | | | કુમ્ભકરણ (નેપાલ) |
| ૪૩. | હમીરસિંહ(મહારાણા) | - | ૧૩૮૩-૧૪૨૧ | - | ૧૩૨૬-૧૩૬૪ |
| ૪૪. | ખેતા (ક્ષેત્રસિંહ) | - | ૧૪૨૩-૧૪૩૬ | - | ૧૩૬૬-૧૩૮૨ |
| ૪૫. | લાખો | - | ૧૪૩૯ | - | ૧૩૮૨ |
| ૪૬. | મોકલ | - | ૧૪૭૮-૧૪૯૦ | - | ૧૪૨૧-૧૪૩૩ |
| ૪૭. | કુમ્ભો | - | ૧૪૯૦-૧૫૨૫ | - | ૧૪૩૩-૧૪૬૮ |
| ૪૮. | ઉદયસિંહ | - | ૧૫૨૫-૧૫૩૦ | - | ૧૪૬૮-૧૪૭૩ |
| ૪૯. | રાયમલ | - | ૧૫૩૦-૧૫૬૬ | - | ૧૪૭૩-૧૫૦૯ |
| ૫૦. | સંગ્રામસિંહ | - | ૧૫૬૬-૧૫૮૪ | - | ૧૫૦૯-૧૫૨૭ |
| ૫૧. | રતનસિંહ | - | ૧૫૮૪-૧૫૮૮ | - | ૧૫૨૭-૧૫૩૧ |
| ૫૨. | વિક્રમાદિત્ય | - | ૧૫૮૮-૧૫૯૩ | - | ૧૫૩૧-૧૫૩૬ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫૩. | ઉદયસિંહ (બીજો) | - | ૧૫૯૪-૧૬૨૮ | - | ૧૫૩૭-૧૫૭૨ |
| ૫૪. | પ્રતાપસિંહ | - | ૧૬૨૮-૧૬૫૩ | - | ૧૫૭૨-૧૫૯૭ |
| ૫૫. | અમરસિંહ | - | ૧૬૫૩-૧૬૭૬ | - | ૧૫૯૭-૧૬૨૦ |
| ૫૬. | કર્ણસિંહ | - | ૧૬૭૬-૧૬૮૪ | - | ૧૬૨૦-૧૬૨૮ |
| ૫૭. | જગતસિંહ (પહેલો) | - | ૧૬૮૪-૧૭૦૯ | - | ૧૬૨૮-૧૬૫૨ |
| ૫૮. | રાજસિંહ (પહેલો) | - | ૧૭૦૯-૧૭૩૭ | - | ૧૬૫૨-૧૬૮૦ |
| ૫૯. | જયસિંહ (બીજો) | - | ૧૭૩૭-૧૭૫૫ | - | ૧૬૮૦-૧૬૯૮ |
| ૬૦. | અમરસિંહ (બીજો) | - | ૧૭૫૫-૧૭૬૭ | - | ૧૬૯૮-૧૭૧૦ |
| ૬૧. | સંગ્રામસિંહ (બીજો) | - | ૧૭૬૭-૧૭૯૦ | - | ૧૭૧૦-૧૭૩૪ |
| ૬૨. | જગતસિંહ (બીજો) | - | ૧૭૯૦-૧૮૦૮ | - | ૧૭૩૪-૧૭૫૧ |
| ૬૩. | પ્રતાપસિંહ (બીજો) | - | ૧૮૦૮-૧૮૧૦ | - | ૧૭૫૧-૧૭૫૩ |
| ૬૪. | રાજસિંહ (બીજો) | - | ૧૮૧૦-૧૮૧૭ | - | ૧૭૫૩-૧૭૬૧ |
| ૬૫. | અરિસિંહ (બીજો) | - | ૧૮૧૭-૧૮૨૬ | - | ૧૭૬૧-૧૭૭૩ |
| ૬૬. | હમીરસિંહ (બીજો) | - | ૧૮૨૬-૧૮૩૪ | - | ૧૭૭૩-૧૭૭૮ |
| ૬૭. | ભીમસિંહ (બીજો) | - | ૧૮૩૪-૧૮૮૫ | - | ૧૭૭૮-૧૮૨૮ |
| ૬૮. | જવાનસિંહ | - | ૧૮૮૫-૧૮૯૫ | - | ૧૮૨૮-૧૮૩૮ |
| ૬૯. | સરદારસિંહ | - | ૧૮૯૫-૧૮૯૯ | - | ૧૮૩૮-૧૮૪૨ |
| ૭૦. | સ્વરૂપસિંહ | - | ૧૮૯૯-૧૯૧૮ | - | ૧૮૪૨-૧૮૬૧ |
| ૭૧. | શમ્ભુસિંહ | - | ૧૯૧૮-૧૯૩૧ | - | ૧૮૬૧-૧૮૭૪ |
| ૭૨. | સજ્જનસિંહ | - | ૧૯૩૧-૧૯૪૧ | - | ૧૮૭૪-૧૮૮૪ |
| ૭૩. | ફતેહસિંહ | - | ૧૯૪૧-૧૯૮૭ | - | ૧૮૮૪-૧૯૩૦ |
| ૭૪. | મહારાણા ભૂપાલસિંહજી | - | ૧૯૮૭-૨૦૧૨ | - | ૧૯૩૦-૧૯૫૫ |
| ૭૫. | મહારાણા શ્રીભગવતસિંહજી | - | ૨૦૧૨-૨૦૪૦(?) | - | ૧૯૫૫-૧૯૮૪ |

**નોંધ :** ઉદયપુર રાજ્ય તરફથી ઉપર્યુક્ત વંશાવલી ૭૫ મા મહારાણા શ્રીભગવતસિંહજી અને એમના બંને અત્યારે વિદ્યમાન મહારાજકુમારો સાથેની પ્રસિદ્ધ થયેલી છે તેમાં ૧૯ મા શાલિવાહન સામેની નોંધમાં 'ભાવનગર''પાલીતાણા''વાળા' 'લાઠી' અને 'રાજપીપળા'ના ગોહિલરાજવીઓનો 'નામ' માત્રથી સંબંધ બતાવવામાં આવ્યો છે, બીજી પણ સંખ્યાબંધ શાખાઓ રાજસ્થાનની છે તેની વંશાવલીઓ પણ હાંસિયામાં નોંધવામાં આવી છે, જેનો ગુજરાતના ઈતિહાસ સાથે કશો સંબંધ નથી.

**ભાવનગર રાજ્યના ગોહિલ ગાદીપતિઓની વંશાવલી**

| ક્રમ | સૂર્યથી | શ્રીરામથી | રાજકર્તા રાજા | રાજધાની | સાલ (ઈ.સ.) | વર્ષ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૮૨ | ૧૧૫ | ૪૪.સેજકજી | ખેરગઢ-સેજકપુર | ૧૨૫૦-૧૨૯૦ | ૪૦ |
| ૨ | ૧૮૩ | ૧૧૬ | ૪૫.રાણોજી | રાણપુર | ૧૨૯૦-૧૩૦૯ | ૧૯ |
| ૩ | ૧૮૪ | ૧૧૭ | ૪૬.મોખડાજી | ઘોઘા-પીરમ | ૧૩૦૯-૧૩૪૭ | ૩૮ |
| ૪ | ૧૮૫ | ૧૧૮ | ૪૭.ડુંગરજી | ઘોઘા | ૧૩૪૭-૧૩૭૦ | ૨૩ |
| ૫ | ૧૮૬ | ૧૧૯ | ૪૮.વિજોજી | ઘોઘા | ૧૩૭૦-૧૩૯૫ | ૨૫ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૧૮૭ | ૧૨૦ | ૪૯.કાનોજી | ઘોઘા | ૧૩૯૫-૧૪૨૦ | ૨૫ |
| ૭ | ૧૮૮ | ૧૨૧ | ૫૦.સારંગજી | ઘોઘો-ઉમરાળા | ૧૪૨૦-૧૪૪૫ | ૨૫ |
| ૮ | ૧૮૯ | ૧૨૨ | ૫૧.સવદાસજી | ઉમરાળા | ૧૪૪૫-૧૪૭૦ | ૨૫ |
| ૯ | ૧૯૦ | ૧૨૩ | ૫૨. જેતાજી | ઉમરાળા | ૧૪૭૦-૧૫૦૦ | ૩૦ |
| ૧૦ | ૧૯૧ | ૧૨૪ | ૫૩.રામદાસજી | ઉમરાળા | ૧૫૦૦-૧૫૩૫ | ૩૫ |
| ૧૧ | ૧૯૨ | ૧૨૫ | ૫૪. સરતાનજી | ઉમરાળા | ૧૫૩૫-૧૫૭૦ | ૩૫ |
| ૧૨ | ૧૯૩ | ૧૨૬ | ૫૫. વસોદજી દેવાજી-પચ્છેગામ | | ૧૫૭૦-૧૬૦૦ | ૩૦ |
| ૧૩ | ૧૯૪ | ૧૨૭ | ૫૬.ધુનાજી | શિહોર | ૧૬૦૦-૧૬૧૯ | ૧૯ |
| | | | ૫૭.ભીમજી-હળિયાદ કસિયાજી ભડલી | | | |
| ૧૪ | ૧૯૫ | ૧૨૮ | ૫૮.રતનજી-૧ | શિહોર | ૧૬૧૯-૧૬૨૦ | ૧ |
| ૧૫ | ૧૯૬ | ૧૨૯ | ૫૮.હરભમજી | શિહોર | ૧૬૨૦-૧૬૨૨ | ૨ |
| ૧૬ | ૧૯૭ | ૧૩૦ | ૫૯.અખેરાજજી-૧ | શિહોર | ૧૬૨૨-૧૬૬૦ | ૩૮ |
| ૧૭ | ૧૯૮ | ૧૩૧ | ૬૦.રતનસિહજી-૨ | શિહોર | ૧૬૬૦-૧૭૦૩ | ૪૩ |
| ૧૮ | ૧૯૯ | ૧૩૨ | ૬૧.ભાવસિંહજી-૧ | શિહોર-ભાવનગર | ૧૭૦૩-૧૭૬૪ | ૬૧ |
| ૧૯ | ૨૦૦ | ૧૩૩ | ૬૨.અખેરાજજી-૨ | ભાવનગર | ૧૭૬૪-૧૭૭૨ | ૮ |
| ૨૦ | ૨૦૧ | ૧૩૪ | ૬૩.વખતસિંહજી | ભાવનગર | ૧૭૭૨-૧૮૧૬ | ૪૪ |
| ૨૧ | ૨૦૧ | ૧૩૫ | ૬૪.વિજયસિંહજી | ભાવનગર | ૧૮૧૬-૧૮૫૨ | ૩૬ |
| ૨૨ | ૨૦૨ | ૧૩૬ | ૬૫.અખેરાજજી-૩ | ભાવનગર | ૧૮૫૨-૧૮૫૪ | ૨ |
| ૨૩ | ૨૦૩ | ૧૩૭ | ૬૬.જશવંતસિહજી | ભાવનગર | ૧૮૫૪-૧૮૭૦ | ૧૬ |
| ૨૪ | ૨૦૪ | ૧૩૮ | ૬૭.તખ્તસિંહજી | ભાવનગર | ૧૮૭૦-૧૮૯૬ | ૨૬ |
| ૨૫ | ૨૦૬ | ૧૩૯ | ૬૮.ભાવસિંહજી-૨ | ભાવનગર | ૧૮૯૬-૧૯૧૯ | ૨૩ |
| ૨૬ | ૨૦૭ | ૧૪૦ | ૬૯.કૃષ્ણકુમારસિંહજી | ભાગનગર | ૧૯૩૧-૧૯૬૫ | ૩૪ |
| ૨૭ | ૨૦૮ | ૧૪૧ | ૭૦.ડૉ.વીરભદ્રસિંહજી | | ભાવનગર | |
| ૨૮ | ૨૦૯ | ૧૪૨ | ૭૧.વિજયરાજસિંહજી | | ભાવનગર | |
| ૨૯ | ૨૧૦ | ૧૪૩ | ૭૨.જયવીરરાજસિંહજ | | ભાવનગર | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | ૬૧ ભાવસિંહજી | | | |
| ૧૯ | ૬૨ અખેરાજજી (ભાવનગરની ગાદી) | ૬૨. વીસાભાઈ (વળાની ગાદી) | | |
| ૨૦ | ૬૩ વખતસિંહજી ઉર્ફે અતાભાઈ | ૬૩. નથભાઈ | | ૬૩. કાંયાભાઈ (પાટ, પીપળી, રાજસ્થળી) |
| ૨૧ | ૬૪.વિજયસિંહજી | ૬૪.મઘાભાઈ | ૬૪.પથાભાઈ | ૬૪.મૂળુભાઈ |
| ૨૨ | ૬૫.ભાવસિંહજી | ૬૫.પાતાભાઈ | ૬૫.સરતાનજી | ૬૫.બહેરાભાઈ |
| ૨૩ | ૬૬.જસવંતસિંહજી | ૬૬.પૃથ્વીરાજ | ૬૬.ખોડાભાઈ | ૬૬.દાનસિંહજી |
| ૨૪ | ૬૭.તખ્તસિંહજી | ૬૭.મેઘરાજજી | ૬૭.ભીમસિંહજી | ૬૭.નાનભા |
| ૨૫ | ૬૮.ભાવસિંહજી (ત્રીજા) | ૬૮.વખતસિંહજી | ૬૮.કિરીટસિંહજી | ૬૮.સજ્જનસિંહજી |
| ૨૬ | ૬૯.કૃષ્ણકુમારસિંહજી | ૬૯.ગંભીરસિંહજી | ૬૯.મહાવીરસિંહજી | |
| ૨૭ | ૭૦.વીરભદ્રસિંહજી | ૭૦.પ્રવીણચંદ્રસિંહજી (હાલના વલભીપુરના ઠાકોરસાહેબ) | | |
| ૨૮ | ૭૧.વિજયરાજસિંહ (હાલના મહારાજા) | | | |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગોહિલ સૂર્યવંશી કે ચંદ્રવંશી ?

શ્રી પ્રવીણસિંહજી ગોહિલ

ગોહિલો સૂર્યવંશી છે કે ચંદ્રવંશી છે એ સ્થાનિક ઇતિહાસ વિશે ભાવનગર-લાઠી-પાલીતાણા-રાજપીપળાના ગોહિલો ચંદ્રવશી માને છે એ ઇતિહાસો આ પ્રમાણે છે. વિજ્ઞાનવિલાસ-ધી સ્ટેટિસ્ટિકલ એકાઉન્ટ ભાવનગર, હોરસત;' ગોહિલોની તવારીખ;કર્નલ જૅક્બ; પાતાભાઈનું કાવ્ય; મેવાડ અને મધ્યહિંદુસ્તાનની તારીખ; સંસ્થાન ભાવનગરના ઇતિહાસ સંબંધી પુસ્તક, દામજી મકનજીદાસ, ગોહિલ બિરદાવલી, શિવદાસ નારણ; સોરઠના શૂરાઓ, હરિસિંહજી દેવસિંહ રાણા; ઇતિહાસરેખા, મુંગટલાલ બાવીસી; મેવાડના ગોહિલો, માનશંકર પીતાંબરદાસ મહેતા; સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુપ્રસાદ દેસાઈ; સૌરાષ્ટ્રની વાર્તાઓ, ભા.૧-૨-૩-૪, શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઇ; પ્રાચીન ભારતવર્ષ ભા. ૧-૨-૩-૪-૫, ત્રિભુવનદાસ લહેરચંદ શાહ; મહારાણા યશઃપ્રકાશ, ભૂરસિંહ શેખાવત, જયપુર; રાજસ્થાન (હિન્દી અનુવાદ, ગૌરીશંકર હીરાચન્દ્ર ઓઝા); રાજસ્થાન, ભા.૧-૨ ટૉડ, રાજપૂત વંશાવલી, ઇશ્વરસિંહ મઢાર, હરિયાણા; કાઠિયાવાડ સર્વસંગ્રહ, ગુજરાત સર્વસંગ્રહ, નર્મદાશંકર કવિ.

આવા પચાસેક ઇતિહાસો અને પથિકના અંકોમાંથી અવતરણો તારવી મારા ઇતિહાસમાં સંકલન કરવામાં આવ્યાં છે. ખુદ ભાવનગર મહારાજા તખ્તસિંહજીની હયાતીમાં ગોંડલનાં શીઘ્રકવિ શિવદાસજીએ ગોહિલ બિરદાવલી લખી છે તેની મંજૂરી મહારાજા તખ્તસિંહજી એ આપી હતી અને ખર્ચ રાજ્યે આપ્યો હતો. આવા સ્થાનિક ઇતિહાસો ભાવનગરના ગોહિલોને ચંદ્રવશના અને પાંડુકુળના બતાવે છે. (સ્થાનિક ઇતિહાસો અત્યારે બજારમાં મળતા નથી, ભાવનગર બાર્ટન લાઇબ્રેરીમાં હતા.)

ગોહિલોના બારોટ શ્રી તખતસિંહ ભારતસિંહ રાજસ્થાનમાંથી આવે છે તે અમારા ગોહિલોના રાજ-બારોટ છે, એમના ચોપડામાં પરંપરાગત પેઢીનામું છે. એ ગોહિલોને ચંદ્રવંશી અને પાંડુકુળના કહે છે. ગોહિલ બિરદાવલીમાં પણ ગોહિલોને પાંડુવંશના કહ્યા છે. ગોહિલોનું ગોત્ર ગૌતમ છે, ઇષ્ટદેવ મોરલીધર છે, કુળદેવી ચામુંડા છે, વેદ યજુર્વેદ છે, પ્રવર ૩ છે, બીજા ઘણા ઇતિહાસોમાં પ્રમાણો મળે છે કે ગોહિલો પાંડુ - કુળના છે, જેથી કરીને મારે માનવું રહ્યું કે ગોહિલો ચંદ્રવંશી પાંડુકુળના છે,

ભાવનગરના - પાલીતાણાના - લાઠીના - રાજપીપળાના ગોહિલોનું ગોત્ર ગૌતમ છે અને મેવાડના જે સિસોદિયો ગેહલોત કે ગોહિલ છે તેનું ગોત્ર વેજવાપન છે. એ ગોહિલોના ઇષ્ટદેવ એકલિંગજી છે. મેવાડના ગોહિલોમાંથી એકશાખા સૌરાષ્ટ્રમાં આવી તો શું એનું ગોત્ર જુદું અને ઇષ્ટદેવ જુદા કેમ ? એક જ કુળના એક જ વંશના એક જ બાપના બે દીકરા જુદા થાય તો શું એમનાં ગોત્રો જુદાં જુદાં લખાય આ પ્રશ્ન મૂંઝવે એવો છે. ઈ.સ.૧૫૩૫ માં રામસિંહજી ગોહિલ કાશીજીની યાત્રાએ ગયેલા ત્યારે મેવાડ-ચિત્તોડ એકલિંગજીનાં દર્શને ગયા હતા ત્યારે ત્યાં રાણા સંગ્રામજીનું રાજ્ય હતું. રાણા સંગ્રામજીના કુમારી સાથે રામસિંહજી ગોહિલનાં લગ્ન થયાં હતાં. આ ઐતિહાસિક વાત અનેક ઇતિહાસોમાં છે. (સૌરાષ્ટ્રના ઇતિહાસની વાર્તાઓ ભાગ ૩ માં શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ, "વીરનું વચન")

દક્ષિણ સૌરાષ્ટ્રમાં જે ગોહિલો માંગરોળમાં મૂલુક સહજિગ હતા તે જરૂર મેવાડના સૂર્યવંશી ગોહિલો હતા અને એ સોલંકીના અંગરક્ષક હતા. જૂનાગઢ જ્યારે સોલંકીઓએ લીધું ત્યારે આ ગોહિલોને માંગરોળ સત્તા આપેલી. આ મેવાડના ગોહિલો છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારવાડના ખેરગઢથી આવેલા ગોહિલો ઈ.સ.૧૨૫૦ માં જૂનાગઢની ગાદી પર રા' મહિપાલ હતા, ત્યારે સેજકજી ગોહિલ ગયા, એને પંચાળમાં ૧૨ ગામનો ગરાસ આપ્યો ને રા. મહિપાલના પુત્રના પુત્ર ખેંગાર સાથે એની કુંવરીના લગ્ન કરવામાં આવ્યાં.

કોઈ પણ સમજદાર માણસને વિચાર જરૂર આવે કે સોલંકીના અંગરક્ષક કે સેનાધિપતિ હોય, જૂનાગઢ ઉપર ચડાઈ લઈને જાય, એ તો એના દુશ્મન કહેવાય, તો શું રા' મહિપાલ એના દુશ્મનને બાર ગામનો ગરાસ આપે ખરા અને એના નિકટના સંબંધી થાય ખરા ? આવા અનેક ઈતિહાસોમાં વિરોધાભાસ જાણવા મળે છે. આમ બેઉ ગોહિલો જુદા જુદા વંશના હોય એવું પ્રમાણ વાચવામાં આવે છે.

સૂર્યવંશનું ગોત્ર : સૂર્યવંશના રાજા શક્તિકુમારના સમયનો આટપુરનો ઈ.સ. ૯૭૭ની સાલનો શિલાલેખ ઉદેપુરથી દોઢ માઈલ દૂર આહાડ અથવા આટપુર નામનું ગામ ત્યાંના એક મંદિરમાંથી મેવાડના ગુહિલોતના મૂળ પુરુષ ગુહદત્તથી ૨૦ મી પેઢીએ થઈ ગયેલા રાજા શક્તિકુમારના સમયનો વિ.સં. ૧૦૩૪-ઈ.સ. ૯૭૭ની સાલનો એક શિલાલેખ કર્નલ ટૉડને પ્રાપ્ત થયો હતો, તે લખનાર અંતિમ ભાગમાં આટપુર નગરી શક્તિકુમારની રાજધાની હતી. અને તેનું ગૌત્ર વેજવાપેન હતું.

श्रीवेजवापेन सगोत्रवर्य श्रीबप्पनामा द्विजपुंगवोऽभूत् ॥८॥३१

ગૌરીશંકર હીરાચન્દ ઓઝાજીએ એમનો ઈતિહાસ ઉદેપુર રાજ્યકા ઈતિહાસમાં (પૃ.૫૨૮)સ્વીકાર્યું છે કે બાપ્પા રાવળનું ગોત્ર બૈજવાપેન છે.

---

**(અનુસંધાન પાન ૧૬નું ચાલુ)**

કર્યા વગર પોતાનાં કાર્યો આગળ ધપાવતા મુશ્કેલીનો સામનો કરતા. એમનામાં દેશદાઝ હતી, પોતાના આજીવિકા માટે દંતચિકિત્સક તરીકે કામ કરતા અને એ વિદ્યાના સારા ડૉક્ટર હતો. આજે એઓ અમદાવાદમાં રહે છે, આજે આપણા ગુજરાતના સ્વાતંત્ર્યસેનાનીઓમાંના થોડા જીવિત છે, જે આપણું અહોભાગ્ય છે.

ઠે. ઈતિહાસ ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨

**પાદનોંધ :**

(૧) સ્વાતંત્ર્યસેનાનીઓની ધ્વનિ-અંકિત પટ્ટિકા પર આધારિત 'જયંતીભાઈ ઠાકોર', સલીમભાઈ કુરેશી અપ્રકાશિત એમ.ફિલ.નો નિબંધ,ગુજ. યુનિ., ૧૯૯૦, અમદાવાદ
(૨) પરોઢનાં ટહુકા - જયંતીભાઈ ઠાકોર, અમદાવાદ-૧૯૮૫, પૃ.૧૩૭
(૩) સ્વાતંત્ર્યસેનાનીઓની ધ્વનિ-અંકિત પટ્ટિકાઓ અધ્યયન - ધ્વનિ પટ્ટિકા પર આધારિત 'જયંતીભાઈ પ્રાણલાલ ઠાકોર',જુઓ ટિપ્પણી ૧.
(૪) એજન, પૃષ્ઠ ૫૫.
(૫) આઝાદી જંગની મંજિલ - જયંતીભાઈ ઠાકોર, અમદાવાદ - ૧૯૮૬-૮૭.
(૬) એજન, પૃષ્ઠ ૪૫.
(૭) જુઓ ટીપ ૧, અમદાવાદ - ૧૯૮૫, પૃ. ૭૫.

**સંદર્ભ સાહિત્ય :-**

(૧) રસેશ જમીનદાર - ઈતિહાસ સંકલ્પના અને સંશોધનો - ૧૯૮૯ અમદાવાદ
(૨) મંગુભાઈ રા. પટેલ - ભારતના સ્વતંત્ર્યસંગ્રામો અને એનાં ઘડવૈયા - ૧૯૮૫ અમદાવાદ
(૩) રતુભાઈ અદાણી - સત્યાગ્રહનાં સમરાંગણમાં ભાગ-૧ - રતુભાઈ અદાણી - અમરેલી - ૧૯૮૯
(૪) જયકુમાર શુકલ - બેતાળીસમાં, અમદાવાદ
(૫) શાંતિભાઈ મ. દેસાઈ - રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને ગુજરાત, ૧૯૭૨, અમદાવાદ
(૬) ૨૦-૮-૯૦ ગાંધીનગર - ધ્વનિપટ્ટિકા ૨.જી.૧૦૨
(૭) સલિમભાઈ એચ.કુરેશી - સ્વાતંત્ર્યસેનાનીઓની ધ્વનિઅંકિત પટ્ટિકા પર આધારિત. જયંતીભાઈ પ્રાણલાલ ઠાકોર - અપ્રકાશિત એમ.ફિલ.નો નિબંધ ૧૯૯૦, અમદાવાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગોગૂંદા

શ્રી હસમુખભાઈ વ્યાસ

રાજસ્થાન એટલે શૌર્યભૂમિ ! આમાંય એનો ૧૧ થી ૧૭ સદી સુધીનો ઇતિહાસ તો અતિ રોમાંચક રહ્યો છે. એનું નાનકડું ગામ પણ ઇતિહાસનો કોઈ ને કોઈ કણ સંગ્રહી રહેલ હોય છે. હાલ ખંડેર જણાતાં કેટલાંય સ્થાનો અહીં છે, જેનું ઇતિહાસમાં, ખાસ કરીને મધ્યકાલીન ઇતિહાસમાં, વિશિષ્ટ સ્થાન તેમ મહત્ત્વ રહેલ હોય. આવું જ એક મહત્ત્વનું સ્થાન તે ગોગૂંદા. ઉદયપુરથી લગભગ ૩૫ કિ.મી. દૂર ઉત્તર - પશ્ચિમે અરવલ્લી પર્વતમાળાથી ઘેરાયેલ મેદાનમાં એ આવેલું છે. પ્રસિદ્ધ હલદીઘાટી અહીંથી પૂર્વે પહોડોમાં લગભગ ૧૬ કિ.મી. અને કુંભલગઢથી લગભગ ૩૦ કિ.મી. ઉત્તર-પશ્ચિમે આવેલ છે. આમ આ ગામ ઉદેયપુર - કુંભલગઢ અને હલદીઘાટી(ત્રણ મધ્યકાલીન ઇતિહાસનાં મહત્ત્વનાં સ્થાનો છે)ના માર્ગોની મધ્યમાં આવેલ છે. આની ચોતરફ લગભગ પાંચ પાંચ કિ.મી. દૂર અરવલ્લી પહોડોની શૃંખલાઓ આવેલી હોઈ એ વચ્ચેના મેદાનના પહાડી ભાગ પર વસેલ છે. ચારે દિશાઓમાંથી કોઈ પણ દિશામાંથી અહીં આવવા માટે અરવલ્લીનું વિસ્તૃત પહાડી ચડાણ ચડી પાર કરી આવવું પડતું હોઈ સામરિક દૃષ્ટિએ આ ખૂબ જ સુરક્ષિત સ્થાન મનાતું.

એક અનુશ્રુતિ અનુસાર આ ગામ કોઈ ગોગૂનરામ મહેતા નામના બ્રાહ્મણે વસાવેલું. અહીંથી પ્રાપ્ત ૧૪મી સદીના શિલાલેખથી એ ૧૪મી સદી જેટલું તો પ્રાચીન હોવાનું સ્વતઃસિદ્ધ થાય છે. આ ગામના મૂળ રાજરાણા ઝાલા વંશના અને બડી સાદડી તેમજ દેલવાડાના રાજવંશ સાથે સંબંધિત છે. આ ઝાલા રાણાના જૂના-નવા મહેલો પણ હજુ અહીં ખંડેરાવસ્થામાં ઊભા છે. મૂળ રાજવંશ ઝાલાવંશ હોવા છતાં આ ગામ મહારાણા ઉદયસિંહ (મેવાડ) અને મહારાણા પ્રતાપનો સંબંધ ધરાવતું હોઈ સવિશેષ મહત્ત્વ ધરાવે છે.

અહીંના મહેલોમાં મહારાણા ઉદયસિંહ ઊતરતા. એમણે વિ.સં. ૧૬૨૮ ના દશેરા અહીં મનાવેલ, એટલું જ નહિ, સૌથી મહત્ત્વની ઘટના એમનું (મહારાણા ઉદયસિંહનું) મૃત્યુ પણ અહીં થયેલું. હાલ પણ ગોગૂંદાના નવા મહેલોની બરાબર દક્ષિણમાં તળાવના કિનારે પઠારી ભાગ પર ઘણી છતરીઓ જોવા મળે છે તેઓમાં એક મોટી જીર્ણ-શીર્ણ છતરી પણ છે, જે મહારાણા ઉદયસિંહના અગ્નિદાહની જગ્યા છે. આ જગ્યાએ મેવાડના સરદારોએ મહારાણા ઉદયસિંહના સ્વર્ગવાસ બાદ પ્રતાપને ગાદી પર બેસાડવાનો નિર્ણય કરેલ. મહારાણા ઉદયસિંહના પ્રતાપ પાટવી કુંવર હોવા છતાં ભટિયાણી રાણી પ્રત્યેના પક્ષપાતના કારણે મહારાણા ઉદયસિંહે એમના કનિષ્ઠ પુત્ર જગમાલને મેવાડની ગાદીનો ઉત્તરાધિકારી જાહેર કરેલ, પરંતુ મહારાણાના મૃત્યુ બાદ મેવાડના સામંતોએ જગમાલને મહારાણા તરીકે સ્વીકારવા ઇન્કાર કરી દીધેલ, એટલું જ નહિ, પ્રતાપને મેવાડના મહારાણા તરીકે રાજતિલક કરવામાં આવેલ. અહીં અર્થાત્ ગોગૂંદામાં પ્રાચીન મહેલોની ઉત્તરે મહાદેવનું મંદિર, મહાદેવની વાવડી અને આ બંનેની વચ્ચે એક ચબૂતરો તથા ચબૂતરાની પશ્ચિમે ચાર સ્તંભોવાળી એક છતરી છે, જે પ્રતાપના રાજતિલકનું સ્થાન છે. કહેવાય છે કે રાજવંશના કુલદેવતા ભગવાન શિવની સાક્ષીએ છતરીવાળી જગ્યાએ પ્રતાપને બેસાડી રાજતિલક કર્યા બાદ પ્રતાપ મહેલમાં ગાદી પર બેઠેલ. આ સમયે પ્રતાપની વય ૩૨ વર્ષની હતી. આ જગ્યાએ હાલ પણ પ્રતિ વર્ષ પ્રતાપજયંતીનો મેળો યોજાય છે.

ફેબ્રુઆરી, ૧૫૭૬ માં મુઘલ સમ્રાટ અકબર અજમેર આવેલ ને ત્યાં એણે મેવાડ પર આક્રમણ કરવાની યોજના બનાવેલ. આની સઘળી જવાબદારી એણે રાજા માનસિંહને સોંપેલ, આથી માનસિંહે તા ૩-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪-૧૫૭૬ ના રોજ વિશાલ શાહી સેના સાથે મેવાડ પ્રતિ કૂચ કરી. આની જાણ મળતાં જ પ્રતાપ કુંભલગઢથી ગોગૂંદા આવી પહોંચ્યો ને ત્યાં પોતાના વરિષ્ઠ સામંતોની સાથે મુઘલ આક્રમણનો કઈ રીતે સામનો કરવો એની યોજના ઘડી કાઢી. આની જાણ માનસિંહને થતાં એણે ગોગૂંદા તરફ પ્રયાણ કરતાં પ્રતાપે નિર્ણયાત્મક વ્યૂહના એક ભાગરૂપે ત્યાંથી નીકળી જઈ લોસિંગ નામનાં સ્થાને પડાવ નાખેલ. આ પછી તા ૧૮-૬-૧૫૭૬ ના હલદીઘાટી નજીક બંને વચ્ચે ભીષણ યુદ્ધ થયેલ. આમ ગોગૂંદા સામરિક દૃષ્ટિઓ મહત્ત્વનું હતું. આ ઉપરાંત ગોગૂંદા વિશે થોડી વિગત નોંધીએ :

૧. મધ્યકાલમાં ગુજરાતથી દિલ્હી જવાના જે માર્ગો હતા તેઓમાંનો એક આ હતો : અમદાવાદથી ગોંડવાડ- રાણકપુરની પહાડીઓમાં ગોગૂંદાથી આહડ થઈ જવાતું. આ સૌથી ટૂંકો માર્ગ ગણાતો. આમ ગોગૂંદા ત્યારે વચ્ચેનું વ્યૂહાત્મક સ્થળ મનાતું.

૨. અહીં ઇડરના મહારાજાનો એક પ્રાચીન મહેલ હોવાનું પણ દર્શાવાય છે. અકબર અહીં ઊતરેલ. પહેલાં ગોગૂંદાનો ઇડર (ગુજરાતનું એક સીમાન્ત રાજ્ય) ના મહારાજા મેવાડ તરફની એની અંતિમ ચોકીના સ્વરૂપે ઉપયોગ કરાતો હતો.

૩. કર્નલ જેમ્સ ટૉડે કરેલ પશ્ચિમ ભારતની યાત્રા કે જે ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા (અનુ - પશ્ચિમ ભારત કી યાત્રા) નામે પ્રસિદ્ધ થયેલ છે તેમાં એમણે આ સ્થળની તા. ૨૨-૬-૧૮૨૨ ના રોજ મુલાકાત લીધેલ. (જુઓ, 'પ.ભા.યાત્રા' પ્રકરણ ૨, પૃ.૧૨-૧૯). સામાન્ય રીતે ટૉડ જે સ્થળની મુલાકાત લેતો તેનું વિગત-માહિતીપ્રચુર વર્ણન કરતો, પરંતુ આમાં એમ થયેલ નથી, અર્થાત્ કર્નલ ટૉડે આ સ્થળની કોઈ વિગત નોંધેલ નથી ! આમ કેમ બન્યું હશે એ એક પ્રશ્ન છે !

ઠે. હાઈસ્કૂલ, જામકંડોરણા - ૩૬૦૪૦૫

### સંદર્ભ ગ્રંથો :


૧. "રાજસ્થાન કે ઇતિહાસ કે સ્રોત" - ડૉ.ગોપીનાથ શર્મા,

૨. "રાજસ્થાન કો ઇતિહાસ " - ડૉ. ગોપીનાથ શર્મા,

૩. "રાજસ્થાન કા ઇતિહાસ" - બી.એસ.ધાનગડિયા,

૪. "વીર વિનોદ" - સં.ડૉ.રઘુવીરસિંહ તથા અન્ય,

૫. "મહારાણા પ્રતાપ સ્મૃતિ ગ્રંથ",

૬. "પશ્ચિમ ભારત કી યાત્રા" - મૂં.લે. કર્નલ જેમ્સ ટૉ.ડ, અનુ.ગોપાલનારાયણ બહુરા.




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આમદાવાદના 'શહેરસૂબા' (શ્રી જયંતી પ્રા. ઠાકોર)★

પ્રો. એમ. જે. પરમાર

હિંદની પ્રજા પરતંત્રતામાંથી મુક્ત થવા ઝંખી રહી હતી. ૧૯ મી સદીના મધ્યભાગમાં હિંદના નવાબો-રાજાઓએ-સૈનિકોએ પ્રથમ બ્રિટિશ વેપારી પેઢીના શાસન સામે વિદ્રોહ કર્યો. પરિણામે બ્રિટિશ તાજ-શાસન સ્થપાયું. હિંદની પ્રજા પરતંત્રીય શાસન હેઠળ જ રહી. હિંદની પ્રજાએ આ પરતંત્રીય શાસનમાંથી મુક્ત થવા સારા સુધારા મેળવવા માટે અખિલ હિંદ રાષ્ટ્રિય મહાસભાની ઇ.સ.૧૮૮૫ માં સ્થાપના કરી.

અખિલ હિંદ મહાસભાની સ્થાપના બાદ ૨૦ મી સદીની શરૂઆતથી હિંદની પ્રજા પોતાનાં અધિકારો તથા ગુલામી દશા અંગે વધુ ને વધુ જાગ્રત બનતી ગઈ અને રાષ્ટ્રિય લડતોમાં વેગ આવતો ગયો. આ દેશને દાદાભાઈ, ગોપાલકૃષ્ણ ગોખલે તથા લાલ-બાલ અને પાલની ત્રિપુટીથી આરંભી ગાંધીજી, નહેરુ, સરદાર, નેતાજી, મૌલાના, સરોજિની નાયડુ, જયપ્રકાશ નારાયણ, વિનોબા ભાવે જેવા ખમીરવંતા વિચારશીલ અને બાહોશ નેતાઓ મળતાં રાષ્ટ્રિય લડત વેગીલી બની.

ગુજરાત પણ રાષ્ટ્રિય લડતોમાં અગ્રેસર રહ્યું. ગુજરાતમાં બનેલી ઘટનાઓને રાષ્ટ્રિય સ્તરે અસરો થઈ તેમ રાષ્ટ્રિય સ્તરે બનેલી ઘટનાઓની અસરો ગુજરાતમાં પણ થઈ. ગુજરાતમાં પણ કેટલાક પ્રખ્યાત સત્યાગ્રહો થયા તે રાષ્ટ્રને આગામી લડતોમાં પથદર્શક નીવડ્યા. ગુજરાતે આઝાદીની લડતમાં ગાંધીજી અને સરદાર પટેલના સ્વરૂપે બળવાન નેતૃત્વ પૂરું પાડ્યું અને તેથી એમની સાથે એમની આજ્ઞાઓનું પાલન કરવા ઘણા નાના-મોટા અને નામી-અનામી શૂરવીર સપૂતો આઝાદીની લડતમાં પોતાનાં જાત-કુટુંબ-મિલકતની આહુતિ આપવામાં અગ્રેસર રહ્યા.

આવા શૂરવીર આઝાદીના લડવૈયાઓ પૈકીના શ્રી જયંતી ઠાકોરનો આઝાદીની લડતમાં ફાળો અગ્રગણ્ય રહ્યો. એમણે ધોલેરા વીરમગામ ધરાસણા અને "હિંદ છોડો"ની ચળવળમાં મહત્ત્વની ભૂમિકા ભજવી અને સાથે સાથે સમાજસેવાનું પણ કાર્ય કરેલ. ૧૯૪૨ની ચળવળ વખતે અમદાવાદમાં એમની આજ્ઞાનું પૂરેપૂરું પાલન થતું. લોકો ને શહેરે એમને 'સૂબા'નું બિરુદ આપેલ હતું.

પ્રારંભિક કારકિર્દી : શ્રી જયંતીભાઈ પ્રાણલાલ ઠાકોરનો જન્મ જામનગર રાજ્યમાં લાલપુર ગામમાં બ્રહ્મક્ષત્રિય કુટુંબમાં તા.૪-૩-૧૯૧૩ ને મહા વદ બારસ, વિ.સં. ૧૯૬૯ ના રોજ મોસાળમાં થયો. એમની માતા વિજયાલક્ષ્મી હતાં. જયંતીભાઈની ઉંમર ચાર વર્ષની હતી ત્યારે એમના પિતાની બદલી આટકોટ પાસે ભાડલા ગામે થઈ. એ પછી એઓ અમદાવાદમાં રહેવા આવ્યા, એમના બાપદાદાનું મૂળ વતન અમદાવાદ હોઈ. પોતે બીજા નંબરનું સંતાન હતા. જયંતીભાઈના પિતા ગુજરી જવાથી ઘરની જવાબદારી એમની ઉપર આવી પડી હતી.

પ્રાથમિક શિક્ષણ અમદાવાદમાં લીધું. સાથે અમદાવાદમાં છાપાંઓ નાખવાનું કામ કરતા અને દરરોજ ચારેક રૂપિયાની કમાણી કરી લેતા. ઈ.સ.૧૯૩૦ માં મેટ્રિકમાં આવ્યા. આ સમયે સત્યાગ્રહના વિવિધ કાર્યક્રમો, જેવા કે બ્રિટિશ માલનો બહિષ્કાર, સભા-સરઘસ, પિકેટિંગ વગેરે કાર્યોમાં ભાગ લેતા

★ સરદાર પટેલ યુનિવર્સિટી, ઇતિહાસ વિભાગ, વલ્લભવિદ્યાનગર, યુ.જી.સી. દ્વારા આયોજિત પ્રાદેશિક સેમિનાર ('માઈક્રો સ્ટડી') ભારતીય રાષ્ટ્રિય ચળવળના સંદર્ભે તા.૭ થી ૯ ફેબ્રુઆરી ૧૯૯૭ રજૂ કરવામાં આવેલો શોધ-લેખ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાના કારણે મેટ્રિકની ૧૯૩૦ ની પરીક્ષા આપી શક્યા નહિ. એ પરીક્ષા ફરી એમણે ૧૯૩૨ માં આપી તેમાં પાસ થઈ ગયા. એ પછી બી.જે.મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો, પણ સત્યાગ્રહ ચાલુ હતા અને મનમાં પ્રશ્ન થતો કે અગાઉ પોતે વિલાયતી કાપડનાં પિકેટિંગ, દારૂની દુકાન પર પેકેટિંગ, સભા-સરઘસ, સરકારી મકાન પર ધ્વજ ચડાવવો વગેરે કાર્યોમાં ભાગ લીધો હતો તેથી એમ કે આજે નહિ તો કાલે પોલીસ પકડી જશે. આવો પ્રસંગ આવવાની ધારણાથી એમણે નક્કી કર્યું કે અગાઉ કાર્યોમાં ભાગ લેતા તે ચાલુ રાખવાં. એમણે અભ્યાસ કરવાનું માંડી વાળ્યું. પછી એઓ અમદાવાદ શહેરમાં સભા-સરઘસ, પિકેટિંગ અને વિવિધ રાષ્ટ્રિય નેતાઓ આવે તો એમને રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવાનું કામ કરતા.[૨]

જયંતીભાઈ નાનપણથી સાહસિક, સેવાભાવી, દયાધર્મનું કામ કરનાર અને આઝાદીની લડત દરમ્યાન રચનાત્મક પ્રવૃત્તિઓ દરમ્યાન જુદી જુદી જગ્યાએ ફર્યા. વ્યાયામ નિયમિત કરતા-એમના જીવન-ઘડતરમાં મહત્ત્વની અસર રામાયણ અને મહાભારત જેવા ધાર્મિક ગ્રંથોની હતી. એમની માતાની ધર્મ - ભાવનાની અસર એમના પ્રત્યે વધારે પડી હતી.

એમના શિક્ષકોમાં શ્રી વસાવડા, શ્રી વૈષ્ણવ અને વ્યાયામશાળાના શિક્ષક શ્રી રણછોડભાઈ પટેલની એમના ચારિત્ર્ય ઉપર ઘણી મોટી અસર થઈ હતી. આ સાથે જ અગ્રણી નેતાઓની અસર પણ એમના પર ચાલુ રહી. ગાંધીજી, રવિશંકર મહારાજ, સરદારશ્રી જેવા અગ્રણી નેતાઓ સાથે અવાર-નવાર મુલાકાતો થતી હતી અને એમની સાથે ચર્ચાઓ થયા કરતી હતી. એમની સભાઓમાં પણ જતા હતા. એમના વિચારો અને એમના જીવનની અસર જયંતીભાઈના જાહેર જીવન ઉપર થઈ હતી. વ્યાયામપ્રવૃત્તિની અસર વધારે દેખાતી હતી, આથી એમની પ્રવૃત્તિમાં એમને સૌ નેતા તરીકે ઓળખે.

વિવિધ સત્યાગ્રહોમાં એમનું પ્રદાન : જયંતીભાઈ સમજણા થયા ત્યારથી હાથમાં ઝંડો લઈ સરઘસ કે રેલીઓમાં નીકળી પડતા. ૧૨ માર્ચ, ૧૯૩૦ ના દિવસે ગાંધીજીએ દાંડી-કૂચ લઈ જવાનું નક્કી કર્યું હતું અને મીઠાના કાયદાનો ભંગ કરવાનો નિર્ધાર કર્યો હતો. આ કૂચમાં ભાગ લેવા માટે અરજીઓ મગાવવામાં આવી હતી, આથી કૂચમાં જવા જયંતીભાઈએ પણ અરજી કરી હતી, પણ એ સમયે એમની ઉંમર ૧૭ વર્ષની હતી આથી ગાંધીજીએ એમને કહ્યું કે તમારી ઉંમર નાની છે એટલે તમે આવી શકો નહિ.[૩] એમની ઇચ્છા જવાની હતી એટલે ગાંધીજીની રજા વગર ૧૨મી માર્ચના રોજ વહેલી સવારે મહાભિનિષ્ક્રમણ શરૂ થાય ત્યાં પહોંચી ગયા. ત્યાંથી કૂચ શરૂ થઈ ત્યારે પાછળ સાથે એઓ જોડાઈ ગયા. અસલાલી એમનો પહેલો પડાવ હતો. અહીંથી ગાંધીજીની રજા વગર આવનાર માણસોને પાછા ફરવાનો આદેશ આપ્યો આથી એઓ ગાંધીજીને મળ્યા અને પોતાની ઇચ્છા કૂચમાં આવવા માટે દર્શાવી. ગાંધીજીએ ફરી વાર કહ્યું કે 'તમારી ઉંમર નાની છે અને તમને મારાથી લઈ જઈ શકાય નહિ. બીજું એ કે મને તમારો સીધો પરિચય નથી. જે પસંદ કરેલ વ્યક્તિ છે તેમને હું ઓળખું છું અને એઓ નક્કી કરેલી કસોટીમાંથી પસાર થયેલી છે.[૪] આથી એઓ અસલાલીથી ગાંધીજીનું માન રાખી પાછા ફર્યા.

ગુજરાત પ્રાંતિક સમિતિએ મીઠાના સત્યાગ્રહની લડત ધંધુકા અને ધોલેરાથી કરી આથી એઓ ધોલેરા પહોંચ્યા. ત્યાં જઈને મીઠું ઉપાડી વેચવા લાગ્યા. આની જાણ પોલીસને થતાં પોલીસ આવી પહોંચી અને બધા સત્યાગ્રહીઓ ઉપર તૂટી પડી. એમણે અહીં માર ખાધો હતો. અહીં એક દિવસ રહ્યા હતા. ધોલેરાથી પાછા ફર્યા પછી એઓ ધરાસણા જવા ઊપડ્યા. અહીં પણ નાની વયને કારણે એમને ત્યાં આવવાની ના પાડી, આથી એમણે પોતાના ખર્ચે રેલવેની ટિકિટ કઢાવી ગાડીના ડબ્બામાં ગોઠવાઈ ગયા. એમણે ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લીધો, પોલીસનો માર પણ ખાધો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૨ની લોકક્રાંતિમાં જયંતીભાઈ : જયંતીભાઈ મુંબઈથી અમદાવાદ આવવા માટે સ્ટેશને જઈને બેસવાની જગ્યા શોધતા હતા ત્યારે અમદાવાદથી બે એલ.આઈ.બી.ના અધિકારીઓ એમને મુંબઈ શોધવા આવ્યા હતા. સ્ટેશન પર જોવામાં આવતાં એમને પકડીને ગાડીના ડબ્બામાં બેસાડ્યા. જયંતીભાઈને પકડવાનું કારણ એ હતું કે ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેનારા સત્યાગ્રહીઓને પકડવાનો સરકારે આદેશ આપ્યો હતો આ માટે એમને પકડ્યા હતા. અમદાવાદ આવતાં ગાડી મણિનગર સ્ટેશને આવી ત્યારે જયંતીભાઈએ વિચાર્યું કે ગાડી ધીમી પડે એટલે છટકીને ભાગી જવું. ગાડી મણિનગરથી ઊપડી અને કાંકરિયા યાર્ડમાં આવતાં ધીમી પડી એટલે ગાડીમાંથી કૂદકો મારી ભાગી ગયા. જયંતીભાઈએ ભૂગર્ભમાં રહેવાનું શરૂ કર્યું. ભૂગર્ભમાં રહીને કાર્ય કરતા. આ કાર્ય નિમિત્તે પોતાના ઉપનામ "શહેર સૂબા" તરીકેથી જુદાં જુદાં ફરમાનો બહાર પાડતા. દા.ત. અમદાવાદમાં યુદ્ધવેરો ભરવાનો હુકમ થતાં શહેરમાં સંપૂર્ણ હડતાળ પડી હતી. એઓ ભૂર્ગમાં બૉમ્બ નાખનાર અને બૉમ્બ બનાવનાર વ્યક્તિઓ પસંદ કરતા. એઓ ભૂગર્ભના વસવાટ દરમ્યાન અમદાવાદમાં રહ્યા. જેમને ત્યાં ભૂગર્ભમાં રહેતા તે વ્યક્તિઓનાં નામ આ પ્રમાણે છે : કાળુપુરમાં દોલા લસણવાળા, કડિયાવાડમાં શ્રી પિનાકિન ઠાકોર," શ્રી પ્રભાશંકર દેસાઈભાઈ, સદ્‌માતાની પોળ, બબાભાઇ સતિયા, સારંગપુર તળિયાની પોળ, વડોદરામાં રાજેન્દ્ર ઠાકોર. આ લોકોને ત્યાં રહ્યા હતા.

૧૯૪૨માં સંગઠન રચ્યું હતું. શહેર-સહસંચાલક જયંતીભાઈના મદદનીશ વાસુદેવ ભટ્ટની પ્રવૃત્તિઓ સભા-સરઘસ, પ્રભાતફેરી, પથ્થરબાજી, બૉમ્બપ્રવૃત્તિ, સંદેશવાહક, પત્રિકાપ્રસાર, ભોંય-પત્રિકા, દીવાલપત્રિકા હતી. સૌપ્રથમ તા. ૫-૪-૪૨ થી આ સંગઠને રાજદ્રોહ-પત્રિકા બહાર પાડવાનું શરૂ કર્યું. આ પત્રિકા લોક-ક્રાંતિની જ્વાળાઓને વિસ્તારવાનું કામ કરતી.[૬] સંગઠન દ્વારા તા ૧૬-૮-૪૨થી બે પ્રકારના કાર્યક્રમો આપવાની શરૂઆત કરી : સામાન્ય સભા, સભા-સરઘસ, પ્રભાતફેરી, સરકારી કચેરી અને સરકારી કર્મચારીઓનો બહિષ્કાર અને-ઝનૂની કાર્યક્રમો,- જેમાં બૉમ્બની પ્રવૃત્તિ, તાર-ટેલિફોનના તાર કાપવા, રેલવે ઉથલાવવી, પોસ્ટ ઑફિસો, પોલીસ ચોકીઓ, સરકારી કચેરીઓ વગેરે તોડવાં-બાળવાં અને એમાં બૉમ્બ મૂકવા, આ બંને પ્રવૃત્તિઓનું સંચાલન જયંતીભાઈએ હાથમાં લીધું. એમણે રાજદ્રોહપત્રિકાને બંધ કરી. તા. ૧૬-૮-૪૨ થી કૉન્ગ્રેસપત્રિકા શરૂ કરી. એમના ઉપનામથી શહેરમાં જુદાં જુદાં ફરમાનો બહાર પડતાં હતાં. દા.ત. (૧) યુદ્ધવેરો ભરવાનું આઝાદ સરકારનું ફરમાન. આ ફરમાનનો અમલ કરવાની સત્તા 'શહેર સૂબા'ને આપી. (૨) શહેર સૂબાનો ઢંઢેરો આઝાદ મ્યુનિસિપાલિટીની સ્થાપનાનો વટહુકમ તા. ૩-૧૧-૪૨. આવાં કાર્યોને લીધે જયંતીભાઈ અમદાવાદથી વડોદરા સુધી 'શહેર સૂબા' તરીકે ઓળખાતા. અમદાવાદમાં સમાન્તર સરકારની રચના કરવામાં આવી હતી.[૭]

જયંતીભાઈ ૧૯૪૩માં મુંબઈ ગયા. ત્યાંથી બંગાળામાં દુષ્કાળમાં શ્રી ઠક્કર બાપાની ભલામણથી ભાખરા ડેમ પાસે કામ કરવા લાગ્યા. ત્યાં મજૂરો-ગરીબોને અનાજ આપવાનું કામ કરતા. છ મહિના બંગાળામાં રોકાયા. ત્યાંથી ૨૮-૧૨-૪૩ ભારતભૂમિની સરહદ ઓળંગી બ્રહ્મદેશ જવા માગતા હતા. ત્યાં પકડાઈ જતાં કેસ ચાલ્યો. એક બ્રિટિશ સ્ત્રીએ એમની તરફેણ કરી આથી દેહાતદંડની સજાને બદલે ચટગાંવ ખાલી કરી જવાનો આદેશ આપ્યો. ૧૯૪૪ થી ૧૯૪૬ સુધી એમને જેલવાસ ભોગવવો પડ્યો હતો.

એમ તો આઝાદ ભારતમાં અમદાવાની મ્યુનિસિપાલિટીમાં ૧૯૪૮ થી ૧૯૫૨ દરમ્યાન ખાડિયામાંથી સમાજવાદી પક્ષની ચૂંટણી જીત્યા હતા. એમણે અમદાવાદ સુધરાઈમાં કામ કર્યું. એમના જીવનકાલમાં ૧૯૩૦ માં જેલ પડી હતી, ૧૯૪૧માં જેલ પડી હતી, છેલ્લે ૧૯૪૪ થી ૧૯૪૬ જેલ પડી હતી.

ભારતની આઝાદીની ચળવળમાં નામી-અનામી વીર પુરુષો પોતાની જાતની અને કુટુંબની પરવા

(અનુસંધાન પાન ૧૧ નીચે)



For Private and Personal Use Only




મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, ઍલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૮-૯૭

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧